# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં CSITMS (City Survellience and Intelligent Traffic Management System) અંતર્ગત CSITMS CCTV કંન્ટ્રોલ રૂમ દ્વારા ટ્રાફીક નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકોને CCTV કેમેરામાં ઝડપી લઇ વાહન ચાલકનાં ફોટા,સ્થળ અને સમયની વિગત સાથે ઇ-ચલણ જારી કરવાની કામગીરી હાલમાં ચાલુમાં છે.

એમ.વી.એક્ટ કલમ ૧૩૩ જોગવાઇ હેઠળ ઇશ્યુ કરવામાં આવતી આ નોટીસ અંતર્ગત જે વાહન માલિકને વારંવાર ટ્રાફિક નિયમનાં ઉલ્લંઘન સબબ ઇ-ચલણ બજવવામાં આવેલ હોય અને તેઓએ આ નોટીસની અવગણના કરી ઇ-ચલણનો દંડ ભરપાઇ કરેલ ન હોય તેવા વાહન માલિકો વિરુદ્ધમાં પ્રથમ તબક્કામાં કાર્યવાહી સારુ PI/PSI શ્રીઓના વડપણ હેઠળ ટીમો બનાવી તપાસ કરાવતાં કૂલ-૧૩૦ વ્યક્તિમાંથી ૯૨ વાહન માલિકોને વેરીફાય કરી કૂલ-૨૦૬૨ ઇ-ચલણ નાણાં ૩.૬,૦૬,૫૫૦/- વસૂલ લેવામાં આવેલ છે. તેમજ અમૂક વાહન માલિકો વિરુદ્ધ વાહન જમા લેવા સબંધે તેમજ રજીસ્ટ્રેશન બુક અને ડ્રાઇવિંગ લાયસન્સ જમા લેવાની કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવેલ છે.

જેથી ઇ-ચલણ નોટીસ જેને બજવવામાં આવેલ હોય અને તેની અવગણનાં કરી જો કોઇ કસુરદાર વાહન માલિક તેમાં જણાવેલ માંડવાળની ભરપાઇ નહી કરવાથી ચાલી જશે તેવું વિચારી દંડ ભરપાઇ ન કરે તેવા કસુરદાર વાહન માલિકો વિરુદ્ધ આ ડ્રાઇવ આગામી સમયમાં સઘનરૂપે કરવામાં આવનાર છે.

જેથી બજવવામાં આવેલ ઇ-ચલણ કસુરદાર વાહન ચાલક તે ઇ-ચલણનો દંડ મેળવેલ ઇ-ચલણ સાથે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, મીઠાખળી છ રસ્તા ખાતે નોટીસ ટેબલ, ટ્રાફીક પોલીસ સ્ટેશન કે શહેરનાં કોઇપણ પોલીસ સ્ટેશનનાં પી.એસ.ઓ.નો સંપર્ક કરી ભરી શકે છે. તેમજ ઇ-ચલણનો દંડ ઓનલાઇન સિસ્ટમથી પણ ભરી શકાય છે, જે અંગેની વેબ લીન્ક નીચે જણાવ્યા મુજબ છે.

**https://Payahmedabadechallan.org/**

સદરહું વેબ લીન્ક ઓપન કરી કસુરદાર વાહન ચાલકે ઇ-ચલણમાં દર્શાવેલ વાહનનો રજીસ્ટ્રેશન નંબર,ડ્રાઇવિંગ લાયસન્સ નંબર, મોબાઇલ નંબર વિગેરે વિગતો સ્ટેપ બાય સ્ટેપ ભરી ટ્રાફીક ઇ-ચલણનો દંડ ઓનલાઇન પેમેન્ટ કરી શકશે. અમદાવાદ શહેર ટ્રાફીક પોલીસ દ્વારા આ કેસલેસ સુવિધા નાગરિકો માટે કાર્યરત કરવામાં આવેલ છે.

આ ઉપરાંત નાગરિકો કોઇપણ SBI બેન્કમાં ઇ-ચલણનાં નાણાં રુબરુમાં જઇને ભરી શકાશે. જેનો નાગરિકોએ બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવે છે.

APatel

( એ.એમ.પટેલ )
મદદનીશ પોલીસ કમિશ્નર
ટ્રાફીક વહીવટ, અમદાવાદ શહેર